
# સ્વતંત્ર, પૂર્વસૂચિત માહિતિનિ  સમંતિ

## માર્ગદર્શિકા



actionaid

All rights are reserved. The document may be freely reviewed, quoted, reproduced or translated, in part or in full, provided the source is acknowledged. The analysis and policy recommendations of this report do not necessarily represent the views of ActionAid Association.

Copyright © ActionAid 2017
Report published in 2018

Published by
Natural Resource Knowledge Activist Hub –A Knowledge Initiative of ActionAid Association
331A Shahid Nagar, Bhubaneshwar -751007
Phone – 06742548224/2548503

Design by - NRKA Hub, ActionAid

Printing by - Baba Printers, Bhubaneswar
Illustration by- Rajat Kumar Dhala

# સ્વતંત્ર, પૂર્વસૂચિત માહિતિનિ  સમંતિ

## માર્ગદર્શિકા



आदिवासी जनजाती अधिकार मंच

आ ज म

actionaid

# સંદર્ભ

સમગ્ર વિશ્વ માં કુદરતી સંસાધનો ના વૈશ્વિકરણ ના પરિણામે કુદરતી સંસાધનો નું શોષણ થઇ રહેલ છે જેને કારણે આદિવાસી લોકો ને ખુબજ મુસીબતો નો સામનો કરવો પડ્યો છે. તેમના પરમ્પરાગત સ્થાનિક સ્ત્રોત ને પણ ઘણું નુકશાન થયેલ છે . આ કુદરતી સંસાધનો ના શોષણ ને કારણે ત્યાં વસવાટ કરતા સ્થાનિક આદિવાસી સમુદાય ની જૈવીવીધતા નાશ પામી રહી છે તથા તેમના વસવાટ ના પ્રશ્નો ઉભા થઇ રહેલ છે જેને કારણે તેમને નાં છૂટકે સ્થળાંતર તરફ વળવું પડે છે . આના પરિણામે તેઓ ને કેટલાક સંજોગો માં હિંસા , તણાવ અને સંઘર્ષ જેવા ગંભીર મુદ્દાઓ નો સામનો કરવો પડે છે .

2011 ની વસતિ ગણતરી મુજબ ભારતમાં આદિવાસી લોકો ભારતની કુલ વસ્તીના 8.6 ટકા છે, લગભગ 104 મિલિયન લોકો જેવા થાય છે. તેઓ ને તેમની જમીન માંથી બાકાત કરવા માટે ના વિવિધ પ્રકાર ના શોષણ તેમના ઉપર થાય છે જેમાં ખાણકામ અને ઔદ્યોગિકરણ તે મુખ્ય કારણ છે . આદિવાસી સમુદાય દરેક પરિસ્થિતિ માં પોતાના જંગલ , જમીન અને કુદરતી સંસાધનો ના રક્ષણ માટે સંઘર્ષ કરી રહ્યા છે. અનુસૂચિત વિસ્તારો 1996 (પેસા ) અને અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વન નિવાસીઓ (વન અધિકારોની માન્યતા) અધિનિયમ, 2006 માં પંચાયતના વિસ્તરણની જોગવાઈ સહિત અનેક પ્રગતિશીલ કાયદાઓ એ આદિવાસી હિતોનું રક્ષણ કરવા માટે કરવામાં આવે છે. પરંતુ તેના સાચા અર્થ માં અમલીકરણ કરવામાં આવતા નથી.

આ પરિસ્થિતિ માં આંતરરાષ્ટ્રીય સ્તરે આદિવાસિયો માટે બનાવેલ અધિકારો ના સંદર્ભ ને સમજવો ખુબ જરૂરી છે . આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (ILO) ને સંયુક્ત રાષ્ટ્ર (UN) નું આદિવાસી અધિકારો નું ઘોષના પત્ર ૨૦૦૭ મુજબ કોઈ પણ પ્રોજેક્ટ કે પ્રવૃતીયો જેમાં આદિવાસી સમુદાય કે તેમના પરંપરાગત કુદરતી સંસાધનો પર ના અધિકારો ને અસર થતી હોય તો તે પેહલા આદિજાતી કે આદિવાસી સમુદાય પાસે થી કોઈ પણ જાત ના દબાણ વગર પૂર્વ જાનકારી આપી ને સંમતિ મેળવાનો ઉલ્લેખ કરેલ છે . ત્યાર પછી **સ્વતંત્ર, પૂર્વસૂચિત માહિતી નિ સમંતિ** FPIC(એફપીક ) એ તેમના કુદરતી સ્ત્રોતો અને પરંપરાગત અધિકાર ના સરક્ષણ માટે તેમનો મૂળભૂત અધિકાર બની ગયેલ છે . તે સ્થાનિક સમુદાયોના વંશપરંપરાગત પ્રદેશોનું રક્ષણ કરે છે અને તેમની જમીન અને કુદરતી સ્ત્રોતોમાં અનુમાનિત અથવા આયોજન કરેલી કોઈપણ વિકાસ પ્રવૃત્તિ સાથેના તેમના કરારની ખાતરી કરે છે..

ફૂડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) , એકશન એઇડ અને અન્ય સંસ્થાઓ એ સંયુક્ત રીતે પોતાના કાર્ય માં FPIC ને કેવી રીતે સમાવેશ કરવો તેનો પ્રયાસ કરેલ છે. આ સહયોગનો પહેલો પરિણામ મેન્યુઅલના રૂપમાં બહાર આવેલ છે કે જે પ્રોજેક્ટ અમલીકરણ કરતા લોકો ને ખાસ આદિવાસી લોકો ના અધિકારો ને સુનિશ્ચિત કરે છે અને એક પ્રોજેક્ટ ના અમલીકરણ થી લઇ ને મૂલ્યાંકન સુધી મદદરૂપ થાય છે .

એક્શન એઇડ દ્વારા FPIC (એફપીકે ) ની મૂળભૂત માર્ગદર્શિકા બનાવવા માં આવી છે જેમાં ભારતીય સંદર્ભ ને કાયદા ને ધ્યાન માં રાખી ને માર્ગદર્શિકા બનાવી છે .આદિજાતિ/સ્વદેશી લોકોના લાભ માટે સંક્ષિપ્ત માર્ગદર્શિકાને વિવિધ ભારતીય ભાષાઓમાં અનુવાદિત કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા અલગ અલગ કામ કરતા વિવિધ નીશ્રાંતો ને ઉપયોગી થશે . અમે આ પ્રક્રિયા માં ભાગીદારી લીધેલ તમામ લોકો નો આભાર માનીએ છે.

અમે ખાસ કરી ને ફૂડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO), તથા સંયુક્ત રાષ્ટ્ર સંઘ ના આદિવાસિયોના મુદ્દે કામ કરતા તમામ નિષ્ણાંતો તેમજ આ માર્ગદર્શિકા બનાવવા માં મદદરૂપ થનારા તમામ લોકો નો આભાર માનીએ છે. અમે અમારા સહ-કાર્યકર બિરેન નાયક, નરેન્દ્ર શર્માને હિન્દી ભાષાંતર, મરાઠિ માટે વિનાયક પવાર, ગુજરાતી માટે રેણુકા કાસ્તા , ઉડિયા માટે પ્રિયબતા , બગદી માટે ડો બેલારામ ઘોઘરા અને મુદરી અને સંથાલી માટે શરદ કુમારી ને આભાર વ્યક્ત કરીએ છે .

અમે સંદીપ છાછરા , મુખ્ય સંચાલક એકસન એઇડ ભારત નો સતત સહયોગ, માર્ગદર્શન અને પ્રોત્સાહન માટે આભાર વ્યક્ત કરીએ છે.

બ્રાતીન્ડી જેના

હેડ Natural Resource Hub,

એકશન એઇડ ભારત

# સ્વતંત્ર, પૂર્વસૂચિત માહિતિનિ  સમંતિ (એફપીઆઈસી)

**પ્રસ્તાવના:**

કેટલાક વર્ષોથી અમે બધા આ બાબતોના સાક્ષી છીએ કે આદિવાસી વિસ્તારમાં પ્રાકૃતિક સંસાધનોની બેફામ લૂટ થઇ હતી, આદિવાસીઓએ એમનો વિરોધ પણ કર્યો હતો. અને આ વિરોધનું કારણ આ પણ રહ્યું છે કે સરકારની આંતરાષ્ટ્રીય શ્રમ સંસ્થા સંમેલન ૧૬૯ અને સ્વદેશી લોકોના અધિકારો પર સંયુક્ત રાષ્ટ્ર ઘોષણાપત્ર ( યુએનડીઆરઆઇપી) નો અન્નપૂરવઠો/ખાદ્યસામગ્રી હજુ સુધી લાગુ કરી નથી. જેનાથી અર્ધ- વિકાસના નામ પર તૈયાર થયેલ પ્રોજેક્ટને કાર્યરત કરવા પહેલા એ સંસાધનો પર પડવાની અસરને જાણી નહી અને એની સ્વતંત્ર સહયતા પણ પ્રાપ્ત કરી નહી. જેનાથી એમની જીંદગી અને વિકાસ પર મોટા પ્રમાણમાં પ્રભાવ પડ્યો છે.

વર્તમાન પૂર્વસૂચિત સ્વતંત્ર સહયતા ( એફપીઆઈસી) દસ્તાવેજ આ વાતનો સખત વિરોધ કરે છે કે આદિવાસીઓનાં પત્ર કે પુરાવાઓ ઉપર કોઈપણ બહારની વ્યક્તિ કે ઉદ્યોગ કબજો કરે અથવા અમુલ્ય સંસાધનોનો એમની અનુમતિ કે કોઈ પણ પ્રકારના સ્વાર્થ ખાતર ઉપયોગ કરે કા તો દુરુપયોગ કરે.





જાહેર પરામર્શ  દ્વારા અધિકારની રજુઆત ની પ્રક્રિયા

## એફપિક  શું છે.

સ્વતંત્ર પૂર્વ સૂચિત સહયતા દુનિયાભરમાં સ્થાનિક લોકો સાથે સંકળાયેલો એક વિશિષ્ટ અધિકાર છે. એફપીઆઈસી એક આંતરરાષ્ટ્રીય માનવઅધિકાર, માપદંડ પ્રક્રિયાના રૂપમાં સ્થાપિત છે. જે સ્વદેશી લોકોના સ્વ - સામુહિક અધિકારો દ્વારા નિર્ધારિત અને અનેક પ્રાકૃતિક સંસાધનો અને ક્ષેત્રોમાંથી લેવામાં આવ્યો છે.

એફપીઆઈસી સ્વદેશી લોકો કોઈ પણ પ્રોજેક્ટની શરૂઆત પહેલા સહયતા આપવા અને ત્યાગવા માટે અનુમતિ આપે છે. જેનાથી લોકો પ્રભાવિત થઇ શકે છે. એકવખત આપવામાં આવેલી સહાયતા તેઓ બીજા કોઈ પણ સ્તર પર ફરી લઇ શકે છે. જેનાથી સ્વદેશી લોકોને એ શરત પર વાર્તાલાપ કરવાનો મોકો મળે છે. જેના વિના કોઈ પણ દખલગીરી કે પ્રોજેક્ટની યોજનાઓનું  ( ડીઝાઈન) અમલીકરણ, સંચાલન  (મોનીટર) અને મૂલ્યાંકન કરવામાં આવશે, સ્વદેશી લોકો કોઈ પણ વાર્તાલાપ/પ્રોજેક્ટમાં ભાગ લેવા માંગતા હોય તો એ નિર્ણયને પણ સન્માન આપવામાં આવશે.



સમુદાય સાથે માહિતીની આપ લે

## એફ્પિક એક પ્રક્રિયા કેમ છે.

એફપીઆઈસીને એક પ્રક્રિયા માનવામાં આવે છે. કારણકે આખા સમુદાયને સામુહિક નિર્ણય પર પહોચવા પહેલા લાંબી ચાલવાવાળી પ્રક્રિયા અને વિભિન્ન પ્રકારના સ્તરોવાળી શૃંખલામાંથી પસાર થવું પડે છે. એ સિવાય પ્રોજેક્ટનાં આખા જીવનકાળમાં પ્રોજેક્ટના શરૂઆતનાં(પ્રારંભિક) સ્તરથી લઇને અંત (સમાપન) સુધી એનું અમલીકરણ ચાલું રહે છે.

## એફપિક નાં પ્રમુખ તત્વોની પરિભાષા:

સ્વતંત્ર- કોઈ પણ દબાણ વિના, ધમકી કે કપટની આ સ્વેચ્છાએ સહાયતા આપે છે. આ સમુદાય દ્વારા નિર્દેશીત કરવાની પ્રક્રિયાને પણ સંધાર્ભીત કરે છે. કોઈ પણ અનુસુચી અપેક્ષાઓ કે સમયબદ્ધ સીમાઓ જે બાહ્યરૂપથી લગાવવામાં આવે છે. એના સિવાય જે સહાયતાની વાત કરે છે.

**પૂર્વ-** આનો અર્થ એ થાય છે.કે કોઈ પણ પ્રોજેક્ટ કે ગતિવિધિઓના પ્રારભ પહેલા કોઈ વિકાસ કે નિવેશ યોજનાઓનાં શરૂઆતના સ્તરમાં પર્યાપ્ત રૂપથી સમુદાયની સહાયતા હોવી જોઈએ, એવું નાં હોવું જોઈએ કે ફક્ત પ્રોજેક્ટના અમલીકરણનાં સમયે સમુદાયનું અનુમોદન પ્રાપ્ત કરવું.

**જાણકારી-** જાણકારી મુખ્ય રૂપથી કયા વ્યવસાય અને જાણકારી સહાયતા માંગવા પહેલા પ્રદાન કરવી જોઈએ એની સાથેજ સહાયતા પ્રક્રિયા સરળ રીતથી લોકોને બતાવવામાં આવે કે જેના માટે સંધાર્ભીત કરવામાં આવે છે.

**સહાયતા-** અધિકાર ધારકો દ્વારા લેવામાં આવેલા સામુહિક નિર્ણયો અને પ્રભાવ પાડનાર સ્વદેશી લોકો કે સમુદાયોની પ્રથાગત નિર્ણય લેવાની પ્રક્રિયાનાં માધ્યમોને બતાવે છે, પ્રત્યેક સમુદાયની


પ્રોજેકટ માટે લોકોની સમંતિ લઈ રહિઆ છે.


આદિવાસી લોકો એ જંગલ ના માલિકો છે

ઔપચારિક અનઔપચારિક રાજનૈતિક- શાસન ગતિશીલતા અનુસાર સહાયતા માંગી લેવી જોઈએ બધાજ યુવાનોની ભાગીદારી સુનિશ્ચિત કરેલ મહિલાઓ, વૃધ્ધો અને વિકલાંગ (દિવ્યાંગ) લોકો માટે જેટલું સંભવ હોય એટલું સામાન્ય લોકો અને સ્થાનિક સમુદાયોને પોતાની પસંદગીથી નક્કી કરેલ પ્રતિનિધિઓનાં માધ્યમ દ્વારા ભાગ લેવામાં સક્ષમ હોવા જોઈએ ,

**એફપિક પ્રક્રિયાનાં લાભઃ**


સ્થાનિક આબાદી અને સ્થાનિક લોકોની આવશ્યકતાઓ અને પ્રાથમિક્તાઓ અનુસાર વિકાસની ગતિવિધિઓને પૂરી કરી શકાય છે,કોઈ પણ પ્રોજેક્ટના હસ્તક્ષેપમાં સંકળાયેલ બધાજ હિતધારકો માટે એક અવર્ણનીય લાભનો પ્રતિનિધિત્વ કરે છે, પ્રસ્તાવિત પ્રોજેક્ટની યોજનામાં સ્વદેશી લોકની પૂર્ણ પ્રભાવી ભાગીદારીની સાથે એક સન્માનજનક અને પૂર્ણ એફ્પીઆઇસી પ્રક્રિયા પૂરી કરવાની અને એને એમના સંસાધનો પર પુરા નિયંત્રણ સુનિશ્ચિત કરે છે,

**માનવ અધિકાર આધારિત દ્રષ્ટિકોણના માધ્યમથી એફ્પીઆઇસી એકીકરણ**


એફ્પીઆઇસી માનવ અધિકારોના આધાર પર ઊંડાણથી જોડાયેલા છે, કારણકે એ આપણી આવશ્યકતાઓ અને આક્ક્ષાઓ પૂર્ણ કરવા માટે સાર્થક અને સકારાત્મક પરિણામોને પ્રાપ્ત કરવા માટે વિશેષ રૂપથી સ્વદેશી લોકોની પ્રભાવી ભાગીધારીને પ્રાથમિકતા આપે છે, વિશેષ કરીને જ એમની સાથે સંકળાયેલ સંસ્કૃતિઓ એમની ઓળખાણ અને એમના સંસાધનોથી ઉત્પન્ન અને જોડાયેલ હોય છે,

**એફપિકનિ  વિશેષતાઓ શું છે,**

૧) આપણા દેશનો વિસ્તાર અને સંશાધનોનું નિયંત્રણ અને એમની સાંસ્કૃતિક અખંડતા પ્રતિ સન્માન ટકાવી રાખવું



સમુદાય કુદરતિ સંસધનો ના આકલન દારા તેમન અધિકારો ભાર પુવર્ક સાબિત કરે છે



અમે સામુહિક નિર્ણય લેવાનિ પ્રક્રિયા તરિકે એફ્પિક દ્વારા ચિત્ર ને ફેરવી સકિયે છીએ.


એફ્પીઆઇસીની પ્રક્રિયા સ્વદેશી લોકોને પોતાનાં સંસાધનો, જમીન, વિસ્તારનું નિયંત્રણ અને પ્રબંધન  અને સાંસ્કૃતિક અખંડતા અને આત્મનીર્ણયને સન્માન આપે છે, ખાસ કરીને જયારે અલગ અલગ લોકો પોતાનાં વિકાસ તરફ આ પ્રક્રિયાને અપનાવે છે, સરકાર જેવા કોઈ બહારના નિગમો, સંસ્થાઓ, સંગઠનો અને પ્રોજેક્ટના સમર્થકોને કોઈપણ પ્રોજેક્ટ કે ક્રિયા ને લાગુ કરવા પહેલા અધિકાર ધારકો ( સ્થાનિક લોકો) ની સહાયતા અને અગ્રીમતા પ્રાપ્ત કરવાની જરૂર છે,

૨) આત્મનીર્ણયના અધિકારનો ઉપયોગ

પોતાની જમીન વિસ્તાર અને સંસાધનોને પ્રબંધનો કરવા માટે સ્વદેશી લોકોની પોતાની પરંપરાગત સાશન પધ્ધતી છે, એમાં એમની સામાજિક, રાજનૈતિક વ્યવસ્થા, પ્રથાગત કાનુન અને પ્રથાઓ સંશાધન પ્રબંધન અને પારંપરિક જ્ઞાન અને સાંસ્કૃતિક પ્રથાઓ સંકળાયેલ છે, જે એમને બીજા સમાજથી અલગ બનાવે છે, એફ્પીઆઇસી પોતાનાં સ્વયમની સામુહિક નીર્ણય લેવા માટે તંત્ર કે ક્રિયા- વિધિના એ બનાવો પર જે એમને પ્રભાવિત કરે છે, આત્મનિર્ણયનો આ એક અધિકાર એમને નિવારણ ઉપાય બની જય છે, જે એમના સ્વ - શાસન અને એમની જમીન, વિસ્તાર અને સંશોધનોના પ્રબંધનમાં પોતાનાં સ્વયમના વિકાસને પ્રભાવી અને ત્વરિત કરી શકે છે,

**૩) એક સુરક્ષા ઉપાયનાં રૂપમાં એફ્પીઆઇસી**

એફ્પીઆઇસી સ્વદેશી લોકોનાં દ્રષ્ટીકોણથી કોઈ પણ પ્રોજેક્ટને સંભવિત સામાજિક અને પર્યાવરણીય પ્રભાવને સુનિશ્ચિત કરવામાં એક સુરક્ષાનાં રૂપમાં કાર્ય કરે છે, આ પ્રક્રિયા સ્વદેશી લોકોનાં પ્રોજેક્ટને સંભવિત પ્રતિકુળ પ્રભાવો પર પોતાની ચિંતાઓને અવાજ આપવાની અનુમતિ આપે છે, જેને ધ્યાનમાં રાખવું જોઈએ, આ પ્રક્રિયામાં તે પ્રોજેક્ટના પ્રસ્તાવકની સ્પષ્ટ જાણકારી અને સ્પષ્ટીકરણની માંગ કરી



**ન્યાયતંત્ર અને અનિય સંસ્થાઓ સાથે જોડિને  અધિકાર આપે છે**

શકે છે, જેમાં પ્રોજેક્ટ સબંધિત અદયયનનાં પરિણામોની સાથેજ તુલનાત્મક અધ્યયન સંકળાયેલ હોય છે,

**૪) સામુહિક નિર્ણય લેવાની પ્રક્રિયાનાં રૂપમાં એફ્પીઆઇસી**

એફ્પીઆઇસી એક પ્રક્રિયાત્મક પ્રક્રિયા નથી પણ સ્વદેશી લોકોના સંબંધમાં નિર્ણય લેવાનો અધિકાર સુનિશ્ચિત કરવા માટે એક ઢોસ તંત્ર છે, વિશેષ રૂપમાં એમની જમીન. વિસ્તાર,અને સંશોધનોનાં ઉપયોગ પ્રબંધન અને વિકાસનાં સબંધમાં આ સામુહિક નિર્ણયોમાં ભાગ લેનાર સમુદાય એ સામુહિક વ્યવસ્થા છે, સ્થાનિક લોકો સામુહિક રૂપમાં હયાત રહીને આ પ્રકારે એમના સામુહિક અસ્તિત્વ અને વિકાસ માટે એક બીજા પર ભરોસો કરે છે,

**૫) એક પુનરાવર્તન પ્રક્રિયાનાં રૂપમાં એફ્પીક**

એફ્પીઆઇસી એક પુનરાવર્તન પ્રક્રિયા છે, જે સ્વદેશી સન્માન સુનિશ્ચિત કરવા અને સાર્થક સહભાગિતાના નિર્ણયોને સુનિશ્ચિત કરવા માટે પુરા વિશ્વાસની સાથે કરવામાં આવશે જો કે સ્વદેશી લોકોની ભલાઈને એક અલગ સમુહનાં રૂપમાં સકારાત્મકતા પ્રભાવિત કરી શકે, વર્ણનાત્મક પ્રક્રિયાનાં રૂપમાં એના માટે વિચાર વિમર્શની શૃંખલા સંવાદ, અનુભવનો આદાન-પ્રદાન અને આબાદીના લોકોના મધ્યમાં વાતચીતનું સંચાલન કરવાની આવશ્યકતા હોય છે, અને એ લોકોને જેઓએ સ્વદેશી લોકોની નિરંતર ઉન્નતી સુનિશ્ચિત થઇ શકે, એવું નથી કે કેવળ પ્રોજેક્ટ કાર્યરત થાય એ પહેલા સહાયતા લઈને એ માની લેવામાં આવે કે સ્થાનિક લોકોના હિતને સ્થાન આપવામાં આવે છે,

**૬) સરકારો અને બીજી બાહ્ય સંસ્થાઓની સાથે વ્યવશાયની પ્રક્રિયાનાં રૂપમાં એફ્પીક**

સ્વદેશી લોકોનાં અધિકારોને સન્માન કરવાની રૂપરેખાની સાથે એફ્પીઆઇસી પ્રક્રિયા સ્વદેશી લોકોના સબંધોને બાહ્ય સંસ્થાઓની સાથે સરકાર સહીત પ્રોજેક્ટો, યોજનાઓ, ગતિવિધિઓ, કાનુનો અને નીતિઓનાં સબંધને નિર્દિષ્ટ કરે છે, જે પ્રત્યક્ષ અને પરોક્ષ્ રૂપે સ્વદેશી લોકોને પ્રભાવિત કરે છે, આ સંદર્ભમાં કોઈ પણ યોજના અને ગતિવિધિ જે સ્વદેશી લોકોને પ્રભાવિત કરે છે, જે એમને પારસ્પરિક વિશ્વાસ અને જાણકારીની સમજ આપે છે, અને પ્રોજેક્ટ,સંવાદ અને વાર્તાલાપનાં પ્રક્રિયાનાં માધ્યમથી એમની સહાયતા માંગે છે,

એફ્પીક એક સંક્ષિપ્ત

આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કાનુંની પ્રણાલીમાં એફ્પીક નાં સિધ્ધાંત સ્વતંત્ર, પૂર્વ અને જાણકારી સહાયતા અને એફ્પીક આંતરરાષ્ટ્રીય કાનુનનો એક નિચોડ સિધ્ધાંત છે, જે સ્વદેશી લોકોને પોતાની પરંપરાગત જમીન અને જીવનની રીતોને પ્રભાવિત કરવાવાળી ગતીવીધીયો વિષે સ્વતંત્ર અને જાણકારી નિર્ણય લેવાનો અધિકાર આપે છે,

**સ્થાનિક અને જનજાતીય જનસંખ્યા સંમેલન ૧૯૫૭ (નંબર ૧૦૭) પર આઈએલઓ સંમેલન:**

આ સંમેલન સ્વદેશી લોકોનાં સામાજિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક અધિકારોની સુરક્ષાને સુનિશ્ચિત કરે છે, સંમેલનમાં કહ્યું છે, કે સબંધિત આબાદીવાળા વિસ્તારમાં એમની સ્વતંત્ર સહાયતા વગર સબંધિત આબાદીને હટાવી શકાશે નહી,

**સ્વદેશી અને આદિવાસી લોકોનું સંમેલન ૧૯૮૯ આઈએલઓ સંમેલન (નંબર- ૧૬૯)**

આઈએલઓ સંમેલન ૧૬૯ એ માંગ કરે છે, કે સ્વદેશી લોકોને પોતાની ઈચ્છાથી જમીન અને વિસ્તારમાંથી હટાવી દેવા જોઈએ નહી, આવા લોકોને પુન:વાસ માટે એક આવશ્યક ઉપાયના રૂપમાં માનવામાં આવે છે, જો કે એમની નિશુલ્ક અને પૂર્વ સહાયતાની સાથેજ થશે, જ્યાં એમની સહાયતા લેવામાં આવતી નથી, સ્થળાંતરણ ફક્ત રાષ્ટ્રીય કાનુનો અને વિનિમયો દ્વારા સ્થાપિત ઉપરની પ્રક્રિયાઓ પછી જ થશે, જેમાં સાર્વજનિક પુછપરસ કરવામાં આવશે, ત્યાં પ્રક્રિયાઓ અને પ્રક્રિયાઓને સબંધિત લોકોને પ્રભાવી પ્રતિનિધિત્વ માટે અવસર આપીનેજ નિર્ણય લેવાશે,

**સંયુક્ત રાષ્ટ્રનાં કે ઘોષણાપત્ર, સ્વદેશી લોકોનાં અધિકાર (હકો) યુએનડીઆરઆઈપી ૨૦૦૭:**

યુએનડીઆરઆઈપી(UNDRIP- The United Nation Declaration on the Rights of Indigenous People સ્વદેશી લોકોના અધિકારો અંગે યુનાઇટેડ નેશન ઘોષણા)સ્વદેશી લોકોનાં અભિપ્રાય અને એમની સાથે વ્યવહાર માટે એક મહત્વપૂર્ણ નિયમ છે, અને સ્વદેશી લોકોની વિરુધ્ધ માનવ અધિકારોનાં ઉલ્લંઘનોને દુર કરવા અને ભેદભાવ અને સીમાંતતાથી બહાર નીકળવા માટે સહાયક એક મહત્વપૂર્ણ ઉપકરણ છે, ઘોષણાપત્રમાં આ વાત સુનિશ્ચિત થઈ છે કે સ્વદેશી લોકોને જબરદસ્તીથી પોતાની જમીન અને વિસ્તારમાંથી કાઢી મુકવામાં આવશે નહી, સ્વદેશી લોકોની નીસુલ્ક પૂર્વ જાણકારી સહાયતા વિના કોઈ ને પણ સ્થળાંતરિત કરવામાં આવશે નહી, અને ઉચિત એક નિર્ણય પર પહોચ્યા પછી અને જ્યાં સુધી સંભવ છે, પાછા ફરવાના વિકલ્પની સાથેજ આગળ વધી શકાય છે, આ પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે, કે રાજ્ય આ પ્રશાસનીક ઉપયોગને અપનાવી એને અમલીકરણ કરવા પહેલા એફ્પીઆઇસી પ્રક્રિયાની પહલ કરશે, જેના લીધે રાજ્ય પોતાની સ્વયમની પ્રતિનિધિ સંસ્થાઓના માધ્યમથી સંબંધિત સ્વદેશી લોકોને કરશે જેનાથી સ્થાનિક લોકોમાં એક વિશ્વાસ ઉભો થઇ શકે અને તે પોતાનાં હિતોને સમજીને સ્વતંત્ર નિર્ણય લઇ શકે,

**જૈવિક વિવિધતા પર સંમેલન (સીબીડી)૧૯૯૨**

સીબીડી, જૈવિક સંસાધનોને પરંપરાગત જીવનશૈલી બનાવવા માટે સ્વદેશી સમુદાયોની નજદીકી અને પારંપરિક નિર્ભરતાને જાણે છે, અને જૈવિક વિવિધતા, સંરક્ષણ અને એમના ઘટોકોનાં ટકાઉ ઉપયોગ સાથે સંબંધિત પારંપરિક જ્ઞાન અને પ્રથાઓનાં ઉપયોગ સમાન રૂપથી લાભ ઉઠાવવાની જરૂરીયાતોની ઈચ્છાશક્તિ છે, જૈવિક વિવિધતાના સંરક્ષણ અને ટકાઉ ઉપયોગમાં મહિલાઓની મહત્વપૂર્ણ ભૂમિકાને પણ આ સંમેલન જાણે છે, અને જૈવિક વિવિધતા સંરક્ષણ માટે નીતિ બનાવવી અને પ્રોજેક્ટ કરવાનાં બધાજ સ્તરો પર મહિલાઓની પૂર્ણ ભાગીધીરીની આવશ્યકતાઓ માટે આગળ પડતું છે,

**એફપિક – FPIC ભારતનાં સંવિધાનમાં સુગ્રથિત**

સજ્યોમાં અનુસુચિત ક્ષેત્રો અને અનુસુચિત જનજાતિઓના પ્રશાશન ૫ મી અનુસુચી ૬ થી અનુસૂચિમાં ખાદ્યસામગ્રી આદિવાસી વિસ્તારમાં લાગુ પડે છે, અનુસુચિત વિસ્તાર અને એમના ઉપર બનાવવામાં આવેલા નિયમોનાં ઉદેશ્ય અનુસુચિત વિસ્તારમાં સંતી અને સુશાનની સંરક્ષણ માટે સામાજિક, આર્થિક અને રાજનૈતિક ન્યાય સુનિશ્ચિત કરવા માટે આદિવાસી સ્વાયતતા એન્મી સંસ્કૃતિઓ અને આર્થિક સંશક્તીકરણ સંરક્ષીત કરે છે,

**પેસા એક્ટ ૧૯૯૬**

પંચાયત ( અનુસુચિત ક્ષેત્રમાં વિસ્તાર) અધિનિયમ ૧૯૯૬ માં પ્રથાગત કાનુન, સામાજિક અને ધાર્મિક પ્રથાઓ અને સમુધાયિક સંસાધનોની પારંપરિક પ્રબંધન પ્રથાઓને સુનિશ્ચિત કરવામાં આવે છે,ગ્રામસભા અને ઉચ્ચસ્તર પર પંચાયતની અનુસુચી વિસ્તારોમાં ખનીજો માટે ખનન પત્તા, વ્યાપાર વગેરે માટે સ્થાનિક સ્વશાશન દ્વારા લાઇસન્સ/ કરાર પ્રક્રિયા અનિવાર્ય કરી દેવામા આવે છે,

**એફઆરએ (વન અધિકાર કાનુન ) ૨૦૦૬**

આ અધિનિયમનો ઉદેશ્ય પાછલી નીતિઓ અને કાનુંનોના કારણે જન્જતીઓને પોતાનાં આવાસ, આજીવિકા, અને ખેતી જમીનની અલગતાને દુર કરવાની છે, આમાં કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી અધિકારોની ( નિમણૂકની ) પ્રક્રિયા પૂરી નહી થઇ જય ત્યાં સુધી કોઈપણ આદિવાસી વ્યક્તિને વર્તમાનમાં મળેલી જમીનમાંથી બહાર કાઢવામાં આવશે નહી ગ્રામસભા નિર્ણય લેવાવાળી સંસ્થા છે,અને પ્રત્યેક પ્રક્રિયામાં સમુદાયોની ભાગીદારી હોવી જરૂરી છે,

**જમીન સંપાદન પુનઃવાસ અને પુનઃવાસ અધિનિયમ ૨૦૧૩ યોગ્ય વિચાર અને પારદર્શીતતાનો અધિકાર**

આ અધિનિયમ સ્થાનિક સ્વશાસન અને ગ્રામસભાઓ, જમીન સંપાદન, માટે એક માનવીય સહભાગીદારી, સૂચિત અને પારદર્શક પ્રક્રિયાને તેમજ

સંસ્થાઓને સુનિશ્ચિત કરવા માટે છે, ઉચ્ચ જાણકારી આપ્યા બાદ પ્રભાવિતક્ષેત્રોમાં સાર્વજનિક જોગવાઈ કરવામાં આવે છે,જેનાથી સ્થાનિક સમુદાયના રાજ્યો અને રાજ્યોને લગતી કોઈ પણ સંસ્થા, કંપની, વ્યક્તિ ઔદ્યોગીક વિસ્તાર દ્વારા વિસ્થાપન કરી શકતા નથી,

**પર્યાવરણ કાનુન,**

પર્યાવરણ કાનુન આ વાતને સુનિશ્ચિત અને પ્રતિબંધિત કરે છે કે જે સ્થાનો પર ઉદ્યોગ અથાપિત છે, ત્યાં સ્તાનિક પર્યાવરણ અને લોકોનાં સ્વાસ્થ્ય પાર પ્રતિકુળ અસર નહી પાસે એવા સ્થાનો પર સ્થાપિત ઉદ્યોગ પર પ્રતિબંધ્ લગાવે છે, સાથે એ સ્પષ્ટ કરે છે, કે વિભિન્ન ક્ષેત્રોમાં કાનુનની પ્રક્રિયા જેમકે ઈઆઈએ અધિસૂચના, સાર્વજનિક ભાગીધારી અને ન્યાયની પ્રક્રિયાઓ અનુકુળ હોય અને સ્થાનિક લોકોને સ્વસ્છ અને સુધ્ધ પર્યાવરણ મળે અને પ્રોજેક્ટ કે ગતિવિધિ કાર્યરત થાય એ પહેલા પર્યાવરણનાં પ્રભાવને બહાર કાઢવા માટે પ્રભાવિત લોકો માટે સાર્વજનિક જાહેરાત પ્રક્રિયાનું હોવું જરૂરી છે,

**જૈવિક વિવિધતા અધિનિયમ ૨૦૦૨**

આ કાનુન જૈવિક વિવિધતાના સંવરક્ષણ એમના ઘટોકો નાં ટકાઉ ઉપયોગ અને જૈવિક સંસાધનો ઉપયોગનું સમર્થન કરે છે, સાથેજ ઉચિત પ્રક્રિયાની સાથેજ સ્થાનિક જ્ઞાન પરંપરા કે વિસ્તારનો પણ સ્વીકાર કરે છે, જૈવિક વિવિધતા હેતુ ઉચિત અને ન્યાયસંગત સુશોભનની પ્રક્રિયા આયોજીત કરવી પણ અધિનિયમનુ પ્રમુખ પદ છે,

**એફપિક - FPIC - અમલીકરણ કરવા માટેનાં આવશ્યક સંસાધન :**

કોઈ સંગઠનની અંદર એક સુવ્યવસ્થિત એફ્પીક વ્યવસ્થાને ધોરણે માનવ સંસાધન નિર્માણ ક્ષમતા એક સ્થાપિત ફરિયાદ અથવા ફરિયાદ નિવારણ તંત્રની આવશ્યકતાઓ હોય છે,

જે માનવ સંસાધન ક્ષમતા સંગ્રહ કરે, જેવા કે

-ફરિયાદ તંત્ર

- ક્ષમતા નિર્માણ અને માર્ગદર્શન

નીસુલ્ક પૂર્વ અને સૂચિત સહાયતા ( FPIC – એફપિક) લાગુ કરવી  ફરિયાદ તંત્ર નીસુલ્ક પૂર્વ અને સૂચિત સહાયતા - (FPIC એફપિક) એક સશક્ત સમુદાય પ્રત્યે સંગઠન, હિતધારકો, રાજ્ય, કોર્પોરેટસુવિધાઓ માટે સ્થાઈ વિકલ્પની અવધરણ રૂપમાં સ્થાપિત કરવું ,

**ઓળખસ્તરમાં**

- સ્વદેશી લોકોની ઓળખ કરે અને એમને સંબંધિત પ્રતિનિધિઓની પણ ઓળખ કરે
- ભાગીદારી નિરુપણમાં મધ્યમથી ભૌગોલીક અને જનસંખ્યાકીય સુચનાના દસ્તાવેજ બનાવે

**સિધ્ધાંતનાં સ્તરમાં**

- ફરિયાદ તંત્ર
- ઉપાય અને સંઘર્ષ સમાધાન અને સમસ્યા સમાધાન માટે અમલીકરણ રણનીતિ કરે છે
- પ્રારંભિક રાજકોષીય અને માનવ સંસાધન અને એફપીક સંચાલન માટે આવશ્યક સમય નક્કી કરે છે
- એક સહભાગી સંચાર યોજના કરે અને ફરીફરી પ્રોજેક્ટ કરે કે કયા પ્રોજેક્ટની જાણકારી પારદશકતા રૂપથી પ્રસ્તુત કરવામાં આવે છે

**અમલીકરણ આખરી સ્તરમાં**

- દેખરેખ અને મૂલ્યાંકન પ્રક્રિયા
- પ્રતીક્રીયાઓનું એકત્રીકરણ
- શીખ દસ્તાવેજ

**પરિણામો વિષે જાણકારીનો ખુલાસો કરે**

- સહભાગી પધ્ધતિ અને સ્થાનિક સંગઠનની ભાગીધારી અને એમનો સંતોષ પ્રાપ્ત કરવો
- ફરિયાદ તંત્ર

# એફ્પીક - એક  સસક્ત સમુદાય તરફ

## સંસ્થા સહાયક, સહભાગીઓ, રાજ્ય, કોર્પોરેટ...

સામાજિક, સાંસ્કૃતિક,
ધાર્મિક મૈત્રીપૂર્ણ
પ્રક્રિયાને અપનાવી

ફલિટિટેટર /સંસ્થા દ્વારા
એફપીઆઇસી પ્રક્રિયાના
આંતરિકકરણથી
વલણ અને વર્તન બદ્લો

સમુદાય માટે
બિનશરતી સ્વીકૃતિ
અને સાદર

અન્ય મહત્વપૂર્ણ
હિસ્સેદારો સાથે વિચાર
વિમર્શ કરી , તેમને
અસર કરે છે તે મહિતિ
નિ આપ લે કરવી

દેશના કાયદાને –
જમીન ના કાયદાને
માન આપવું / સ્વીકારવું'


એફપિક સમુદાય ના અધિકાર
સાથે – આદિવાસી સમુદાય ને
એફ્પિકનો અધિકાર છે.**UNDRIP**
આર્ટીકલ **32(2)** મુજબ

વાજબી, બિન-પ્રેરણાદાયક
અને પ્રોત્સાહક
વાતાવરણ બનાવો.

સતત પ્રક્રિયા
તરિકે નિયમિત
સમયાતરે માહિતી
આપ લે કરવી

સમુદાયની ભાગીદારીને પ્રોત્સાહિત કરો
સમુદાયમાં છેલ્લા વ્યક્તિ સુધી સંપર્ક
કરો દા.ત. **FHH**
(સ્ત્રી કુટુંબ વાળા પરિવારો)

સમુદાયને કોઈ પણ
માહિતી પર પ્રશ્નો
કરવા માટે પ્રોત્સાહિત કરો



आदिवासी जनजाति अधिकार मंच

आ ज म

actionaid